જૂન ૨૦૧૨ કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# સુખની દુકાન

## સંપાદકીય

બાળમિત્રો,

તમે શોપિંગ કરવા તો જતા જ હશો. શોપિંગ કરવાની કેટલી મજા આવેને ? બધી નવી નવી વસ્તુઓ ખરીદવાની મળે. ત્યારે આપણને એક વિચાર એવો પણ આવી જાય કે આ દુકાનવાળાને કેટલું સારું ! એને જ્યારે જોઈએ ત્યારે બધી વસ્તુઓ ઘેર બેઠાં મળી જાય! બરાબરને?

પરમ પૂજ્ય દાદાશ્રી કાયમ કહેતા કે, આપણી જે વસ્તુની દુકાન હોય એ વસ્તુ ખરીદવા આપણે બીજે ન જવું પડે. એવી જ રીતે જો આપણે સુખની દુકાન ખોલીએ તો સુખ પણ આપણી પાસે ક્યારેય ખૂટે નહીં.

સુખની દુકાન એટલે શું ? એ કેવી રીતે ખોલવી ? એના ફાયદા શું ? વગેરેની સુંદર સમજણ આ અંકમાં આપી છે.

તો ચાલો, આ વાંચીને આપણે પણ સુખની દુકાન ખોલીએ અને ઘેર બેઠાં સુખ મેળવીએ.

- ડિમ્પલ મહેતા.

## અનુક્રમણિકા


૧ દાદાજી કહે છે....
૨ બે પ્રશ્નો
૬ આ તો નવી જ વાત !
૮ સુખની દુકાન
૧૨ તમારી જાતને ચકાસી જૂઓ !
૧૪ ઐતિહાસિક ગૌરવગાથાઓ
૧૬ મીઠી યાદેં
૧૭ પૂજ્યશ્રી સાથે બાળકો


# દાદાજી કહે છે....



સુખની દુકાન એટલે શું ? બધાને સુખનો માલ આપવો. એ વેપાર સારો. દુકાન શરૂ કરીએ તો સુખનો માલ રાખવો જોઈએ કે દુઃખનો ?

પ્રશ્નકર્તા : સુખનો જ, દાદા.

દાદાશ્રી : હા, બધાને સુખનો માલ આપવો. એ વખતે દુઃખ આવી જાય તો ય પણ આપણે એને સુખનો માલ આપવો. બીજો વેપાર ના કરવો. સવારથી ઉઠ્યા ત્યારથી બીજાને સુખ જ આપવું, દુઃખ આપવું જ નહીં. સવારમાં નક્કી કરવું કે જે મને ભેગા થાય તેને કંઈનું કંઈ સુખ આપવું છે.

હવે કોઈ કહેશે કે સુખ લોકોને અમે કેવી રીતે આપીએ? અમારી પાસે પૈસા નથી. તો પૈસાથી

અપાય છે એવું એકલું જ નથી. કોઈ માણસ ભૂખ્યો હોય તો એને કંઈક ખાવાનું-પીવાનું આપીએ. કપડાં ના હોય તો આપણા પહેરેલાં કપડાં હોય, તે એને આપીએ. તમારામાં જે જે શક્તિ હોય તેનાથી સુખ અપાય. અક્કલ હોય તો અક્કલથી કોઈને સમજણ પાડીને પણ એનું દુઃખ ઓછું કરાય. છેવટે ઓબ્લાઈઝિંગ નેચર તો રાખવો જ. સુખની દુકાન એવી કાઢો કે બસ, બધાને સુખ આપવું. 'હું સુખ જ આપવા આવ્યો છું' એવું મનમાં હોવું જોઈએ.

સુખની દુકાન કાઢે ને એટલે તારે ભાગે ય સુખ જ રહેશે અને લોકોને ભાગે ય સુખ જ જશે. આપણે મીઠાઈની દુકાન હોય પછી કોઈને ત્યાં જલેબી વેચાતી લેવા જવું પડે ? જ્યારે ખાવી હોય ત્યારે ખવાય. દુકાન જ મીઠાઈની હોય ત્યાં પછી શું ? માટે તું સુખની જ દુકાન કાઢ. પછી કશી ઉપાધિ જ નહીં. એટલે કોઈને સુખ આપ્યું હોય તો આપણને સુખ પ્રાપ્ત થાય જ. કોઈને દુઃખ આપીને આપણે સુખ પામીએ એવું કોઈ દહાડોય બને નહીં. આ જગતનો કુદરતી નિયમ શું છે કે તમારા પોતાના ફળ બીજાને આપો તો કુદરત તમારું ચલાવી લેશે. બધાને સુખ આપ્યું એટલે તરત એનું 'રીએક્શન' આપણને સુખ ઘેર બેઠાં આવે, એટલે સુખ જ આપ્યા કરવું.





# અક્રમ એક્સપ્રેસ

તંત્રી તથા સંપાદક :
ડિમ્પલ મહેતા
વર્ષ : ૪, અંક : ૧૦
સળંગ અંક : ૪૬

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ: (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org

Printed, Published and Owned by :
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
Published at Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printing Press:-
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# બે પ્રશ્નો


ત્રિલોકચંદને અનાજનો વેપાર હતો. વેપારમાં એમને નાની-મોટી અડચણો આવતી, પણ એકંદરે એમનો વેપાર સારો ચાલતો હતો. છતાંય તેઓ બિલકુલ સંતુષ્ટ નહોતા. જીવનમાં એમને સુખ-શાંતિ નહોતાં.


ઘણા સમયથી બે પ્રશ્ન ત્રિલોકચંદને ખુબ મૂંઝવી રહ્યા હતા. ''સૌથી મહત્વનું કાર્ય કયું કહેવાય ?'' અને ''સૌથી અગત્યની વ્યક્તિ કોણ ગણાય ?''

''જો, મને આ બે પ્રશ્નના ઉત્તર મળી જાય, તો હું ખુબ સુખી થઈ જઈશ.'' ત્રિલોકચંદના મનમાં આ માન્યતા ગાઢ થઈ ગઈ હતી. એમણે વિચાર્યું, ''જે સૌથી મહત્વનું કામ ગણાય, એ કરીશ તો મારા કામમાં હું ક્યારેય નિષ્ફળ નહીં જાઉં. પછી મારો વેપાર ધમધોકાર ચાલશે અને સૌથી અગત્ય ગણાય એવી વ્યક્તિ સાથે વેપાર કરીશ તો મને ક્યારેય ખોટ નહીં આવે.''

આ પ્રશ્નોના ઉકેલ માટે તેઓ ઘણે ઠેકાણે ફર્યા. મિત્રોને પૂછ્યું, વડીલોને પૂછ્યું, જ્યોતિષોને પણ પૂછી નાખ્યું. પણ ક્યાંયથી એમને સંતોષકારક જવાબ ના મળ્યો. આખરે એમના એક મિત્રએ એમને એક વિદ્વાન પંડિતની માહિતી આપી, ''ગામના છેડે, એક આશ્રમમાં તેઓ નિવાસ કરે છે. એમની પાસેથી તને તારા પ્રશ્નોના ઉકેલ ચોક્કસ મળી રહેશે.''

ત્રિલોકચંદ જ્યારે એ પંડિત પાસે પહોંચ્યા, ત્યારે તેઓ એમની કુટીરની પાસેની જમીન ખોદી રહ્યા હતા. ત્રિલોકચંદને જોઈને પંડિતે એમને આવકાર આપ્યો અને ફરી પોતાના કામે લાગી ગયા. પંડિત વૃદ્ધ અને અશક્ત લાગતા હતા. જમીન ખોદતા ખોદતા તેઓ હાંફી રહ્યા હતા.





ત્રિલોકચંદે એમની પાસે જઈને પોતાની મૂંઝવણ રજુ કરી, "હે વિદ્વાન પંડિત, હું આપની પાસે બે પ્રશ્નો લઈને આવ્યો છું. સૌથી મહત્વનું કાર્ય કયું કહેવાય? અને સૌથી અગત્યની વ્યક્તિ કોણ ગણાય?

પંડિતે ત્રિલોકચંદના પ્રશ્ન સાંભળ્યા પણ કંઈ જવાબ ના આપ્યો. અને ફરી કામે વળગી ગયા.

"આપ ઘણા થાકેલા લાગો છો લાઓ હું આપની મદદ કરું." એમ કહી ત્રિલોકચંદે પંડિતના હાથમાંથી કુહાડી લીધી "ધન્યવાદ" કહી પંડિત નીચે બેઠા.

થોડી વાર રહીને ત્રિલોકચંદે ફરી પોતાના પ્રશ્નો રજુ કર્યા. પણ પંડિતજીએ કોઈ જવાબ ના આપ્યો.

"લાવો ભાઈ હવે હું ખોદુ." એમ કહી થોડી વાર રહીને પંડિતજીએ ત્રિલોકચંદ પાસેથી કુહાડી માંગી. પણ પંડિતજીની અશક્ત હાલત જોઈ, ત્રિલોકચંદને એ યોગ્ય ના લાગ્યું. અને પોતે જ કામ ચાલુ રાખ્યું. આમ કરતાં કરતાં એક કલાક પસાર થઈ ગયો. આખરે થાકીને ત્રિલોકચંદે પંડિતજીને કહ્યું, "પંડિતજી, હું તો આપની પાસે મારા પ્રશ્નોના જવાબ મેળવવા આવ્યો હતો. જો આપની પાસે જવાબ ના હોય, તો હું ઘરે જઉં છું."

એટલામાં તો પંડિતજીની નજર કોઈક વ્યક્તિ પર ગઈ, "આ તરફ કોઈ આવી રહ્યું છે. ચાલો, જઈને જોઈએ કે કોણ છે."

ત્રિલોકચંદે જોયું, તો એમના જુના ભાગીદારનો પુત્ર વીરુ હતો. એ ખરાબ રીતે ઘાયલ હતો. એના માથા પરથી લોહીની ધારા વહી રહી હતી. જેવો એ ત્રિલોકચંદ પાસે પહોંચ્યો એવો એ જમીન પર નીચે ઢળી પડ્યો. પંડિતજી કુટીરમાંથી એક કપડું લઈ આવ્યા. ત્રિલોકચંદે કપડા વડે ઘાને લૂછ્યો અને દાબી દીધો. પણ લોહી તો બંધ જ નહોતું થતું. એ કપડું કાઢી, ત્રિલોકચંદે ધોયું અને

ફરી એના ઘા પર કસીને બાંધ્યું. આખરે, લોહી બંધ પડ્યું. ત્રિલોકચંદ કુટિરમાં જઈ, વીરુ માટે પાણી લઈ આવ્યા.

સૂરજ આથમી ગયો હતો અને બહાર હવે ઠંડુ થઈ ગયું હતું. પંડિતજીની મદદથી ત્રિલોકચંદ વીરુને અંદર કુટીરમાં લઈ ગયા અને પલંગ પર સુવાડ્યો. ત્રિલોકચંદ પણ મુસાફરી અને કામને કારણે થાકી ગયા હતા. જેવા પલંગ પર આડા પડ્યા, કે એમને ઝોકું આવી ગયું. એમની આંખ ઉઘડી ત્યારે સવાર પડી ચૂકી હતી. વીરુ પણ જાગી ગયો હતો.


અચાનક, વીરુ ત્રિલોકચંદના પગે પડી ગયો, "મને માફ કરી દો. મારા બાપુજી સાથે તમારો જે ઝઘડો થયો હતો તે..."

"અરે ભાઈ, એ તો જૂની વાત છે." ત્રિલોકચંદને વર્ષો પહેલાં, પોતાના ભાગીદાર બચુલાલ સાથે થયેલો ઝઘડો યાદ આવ્યો, "કોઈક ગેરસમજને કારણે તારા બાપુજી અને મારા વચ્ચે એ અણબનાવ બન્યો હતો અને અમે ભાગીદારીમાંથી છુટ્ટા પડ્યા હતા. પણ તું ક્યાં અત્યારે એ વાત લઈને બેઠો ?"

આંખમાં આંસુ સાથે વીરુએ કહ્યું, "એ વાત મેં મારી અંદર સંઘરી રાખી હતી. અને તમારી સાથે બદલો લેવાની તક જ ખોળતો હતો. મને ખબર પડી કે તમે આ પંડિત પાસે આવવાના છો. તમે જ્યારે આશ્રમમાંથી પાછા વળો, ત્યારે મેં તમને મારવાની યોજના ઘડી હતી. હું દૂર તમારી રાહ જોઈ રહ્યો હતો. આખો દિવસ પસાર થઈ ગયો પણ તમે પાછા ન વળ્યા એટલે હું આશ્રમ તરફ આવવા નીકળ્યો. પણ ત્યાં જ મને મોટો અકસ્માત નડ્યો. તમે જો મારી સારવાર ના કરી હોત, તો હું મરી ગયો હોત. હું તમને મારવા આવ્યો, અને તમે જ મારી જાન બચાવી. હું તમારો ખુબ ખુબ આભારી છું."

પોતાનું જૂનું વેર આમ શમી ગયું, એ વાતનો ત્રિલોકચંદને ખૂબ આનંદ થયો. વીરુના પરિવાર માટે પોતાની શુભેચ્છા પાઠવી, ત્રિલોકચંદે વીરુની વિદાય લીધી અને બહાર પંડિતજી પાસે ગયા.

ત્રિલોકચંદે વિનયપૂર્વક પંડિતજીને હાથ જોડી કહ્યું, "હું આપની રજા લેવા આવ્યો છું. પણ જતાં પહેલાં ફરી



આપને વિનંતી કરું છું કે આપ મને મારા પ્રશ્નોના જવાબ આપો.''

ગઈ કાલે જે જગ્યાએ ત્રિલોકચંદે ખોદકામ કર્યું હતું, ત્યાં પંડિતજી બી વાવી રહ્યા હતા. ત્રિલોકચંદ સામે જોઈને એમને કહ્યું, ''પણ, તમને તો તમારા પ્રશ્નોનો જવાબ મળી ચૂક્યો છે.''

''એટલે એમ કે, ગઈ કાલે તમે મારી અશક્તિનો વિચાર ના કરી, મને આ ખોદ-કામ ના કરી આપ્યું હોત, અને પાછા ઘર તરફ નીકળી ગયા હોત તો વીરુ એ રસ્તામાં તમારી ઉપર આક્રમણ કર્યું હોત. અને મારી પાસે ના રહેવાનો તમને પસ્તાવો થયો હોત.'' પંડિતજીએ ફોડ પાડતાં કહ્યું.

ત્રિલોકચંદ ધ્યાનથી પંડિતજીની વાત સાંભળી રહ્યા હતા.

પંડિતજીએ આગળ કહ્યું, ''એટલે એ વખતે સૌથી મહત્વનું કાર્ય મને મદદ કરવાનું મને સુખ આપવાનું હતું અને હું એ વખતે તમારા માટે સૌથી અગત્યની વ્યક્તિ હતી. પછી, જ્યારે વીરુ આપણી પાસે આવ્યો ત્યારે એના પિતાજીએ તમને દુઃખ આપ્યું છે, એમ વિચારીને તમે એની મદદ ના કરી હોત તો એ તમારી સાથેનું વેર શમાવ્યા વગર જ ગુજરી ગયો હોત. એટલે એ વખતે, સૌથી મહત્વનું કાર્ય હતું, વીરુને મદદ કરવી, એને દુઃખ અને પીડામાંથી બહાર કાઢવો, અને એ વખતે વીરુ તમારા માટે સૌથી અગત્યની વ્યક્તિ હતી.

માટે યાદ રાખજો, કે જે વ્યક્તિ તમારી આસપાસ છે એ સૌથી અગત્યની વ્યક્તિ છે અને એને સુખ આપવું એ જ સૌથી અગત્યનું કામ છે. વખતે દુઃખ આવી જાય, તોય આપણે એને સુખ જ આપવું. એના માટે જ મનુષ્ય જીવન છે. એટલે આજથી તમે નક્કી કરો કે તમને જે કોઈ પણ ભેગું થાય એને સુખ જ આપવું છે. તો બદલામાં તમને પણ સુખ જ મળશે.''

ત્રિલોકચંદને પંડિતજીની વાત ખુબ સ્પર્શી ગઈ. નીચે નમીને એમણે પંડિતજીના આશીર્વાદ લીધા. મોઢા પર આછા સ્મિત સાથે પંડિતજી બોલ્યા,

''આ સુખના વેપારમાં તમે ક્યારેય નિષ્ફળ નહીં જાઓ. અને જે પણ વ્યક્તિ સાથે વેપાર કરશો એમાં ક્યારેય ખોટ નહીં આવે. વખતે, દુઃખ આવી જાય તો પણ એને સુખ જ આપજો.





સુખની દુકાન એટલે બધાને સુખનો માલ આપવો. સામેથી ક્યારેક દુઃખ આવી જાય તો ય પણ આપણે એને સુખ આપવું. જેમ કે, કોઈ ઝઘડો કરવા આવે તો આપણે માફી માગી લઈએ અને એમને દુઃખ ના થાય એવી રીતે ઝઘડો બંધ કરી દઈએ.

# આ તો ન



જે પોતાનું સુખ બીજાને ભોગવવા આપી દે છે એ દેવગતિમાં જાય છે, સુપરહ્યુમન. દા.ત. પોતાની ગમતી ચીજ બીજાને એની ખુશી માટે આપી દેવી.



# વી જ વાત!



લોકોને સુખ આપો, તો ચિત્તની શુદ્ધિ થાય. ચિત્તની શુદ્ધિ એટલે શું ? જેનાથી એકાગ્રતા વધે. અને દુઃખ આપો તો શુદ્ધ થયેલું ચિત્ત પણ અશુદ્ધ થાય. જેમ કે, ભણવાનું યાદ ના રહે, સોંપેલું કામ ભૂલી જવાય.

કોઈ જીવને દુઃખ ગમે નહીં. જીવમાત્ર સુખને ખોળે છે. આ ઝાડનેય જો કાપીએને તો એને મહીં દુઃખ થાય છે. પછી બિચારું ચીમળાઈ જાય છે. એટલે એનેય દુઃખ અપ્રિય હોય. માટે જીવમાત્રને સુખ જ ગમે છે.

# સુખની દુકાન


પ્લાસ્ટિક બેગ માંગવી નહિ.
શંભુ કાકા, ૫૦૦ ગ્રામ પેંડા અને એક કોલ્ડ ડ્રીંક આપજોને.
શું થયું બેટા ? આજે ફરી તારું મોં ચડેલું છે. ફરી બંટી સાથે ઢીશુમ-ઢીશુમ કરીને આવી છે કે શું ?
ના, બંટી સાથે નહીં, પેલી પ્રીતિ સાથે ઝઘડો થયો. એ તો ખાલી મારી ફ્રેન્ડ હોવાનું નાટક કરે છે.
ઓહ ! તો આજે પ્રીતિનો વારો હતો એમને.
પિતાજી, પેંડો ખાવો છે.
આ લે.
જોયું શ્રુતિ, મારી મીઠાઈની દુકાન છે તો મારે ક્યારેય મિઠાઈ ખરીદવા બીજે જવું ન પડે.
એમ તો અમારે પણ કપડાની દુકાન છે તો મારે ઘેર બેઠા જ કપડા આવી જાય, એમાં શું ?



એનો અર્થ કે આપણે જેની દુકાન ખોલીએ એ વસ્તુ આપણને ઘેર બેઠાં જ મળે.
એ તો એમ જ હોયને કાકા.
તો તું એક કામ કરને. આજથી સુખની દુકાન ખોલી કાઢને. એટલે સુખ પણ તને ઘેર બેઠાં જ મળે. પછી કોઈની સાથે ઝઘડો જ ન થાય.
સુખની દુકાન ? એ કેવી રીતે ?
એટલે સવારથી ઉઠે ત્યારથી તારે બીજાને સુખ જ આપવું. કોઈને દુઃખ આપવું નહીં.
હું કેવી રીતે બીજાને સુખ આપી શકું ? હું તો નાની છું.
તો શું થયું ? તુ બંટીને ભણાવે, એને તારી ગેમ રમવા આપે, મમ્મીને ઘર કામમાં મદદ કરે, ગરીબને ખાવાનું-કપડાં વગેરે આપે એ બધું બીજાને સુખ આપ્યું જ કહેવાય.
ઓહ, આ તો સાવ સહેલું છે.
તો કરી દે શરુ. પછી જો, તને કેટલો આનંદ રહે છે.


એટલી વારમાં તો, પરસેવે રેબઝેબ એક મજુર ત્યાં આવી ચડ્યો.
આ સરનામું વાંચી આપોને બેન.
પ્લાસ્ટિક બેગ માંગવી નહિ.
આ તો બિલકુલ મારા ઘરની નજીક છે. ચાલો, હું તમને લઈ જઉં.
સરનામે પહોંચાડીને,
લો કાકા, આ ઠંડુ પી લો. ગરમીમાં સારું લાગશે.
ભગવાન તને સુખી રાખે બેટા.
ઘેર આવી શ્રુતિ છાપું લઈને બેઠી.
શ્રુતિબેન, છાપામાં શું નવા-જૂની આવી છે ?
બસ એનું એ જ. કંઈ ખાસ નહીં.
મને લખતા વાંચતા આવડતું હોત તો કેવું સારું થાત !
હું તમને લખતા વાંચતા શીખવાડીશ.


શ્રુતિ રોજ મંગુબેનને એક કલાક ભણાવતી. મંગુબેનનો ઉત્સાહ જોઈ એને પણ ખુબ આનંદ આવતો. રોજ રોજ શ્રુતિનો આનંદ વધતો ગયો.
એક સાંજે જયારે શ્રુતિ શંભુ કાકાની દુકાન પર પેંડા લેવા આવી, ત્યારે મંગુબેન હાથમાં એક કાગળ લઈ ત્યાં આવી પહોંચ્યા.
શ્રુતિબેન, ગામડેથી મારા ભાઈનો કાગળ આવ્યો છે. હું તમને વાંચી સંભળાઉ ?
હા, હા.
કાગળ વાંચી લીધા પછી,
બેટા, તારો જેટલો આભાર માનું એટલો ઓછો છે. મારી જીંદગીની સૌથી મોટી પરવશતા તમે દુર કરી આપી.
શ્રુતિને સંતોષ થયો. આજ પહેલા એને આવો સંતોષ ક્યારેય નહોતો થયો.
લે બેટા, આજે આ પેંડા મારા તરફથી લેતી જા. સુખી રહેજે અને તારી 'સુખની દુકાન' પણ આવી જ રીતે ધમધોકાર ચલાવજે.

# તમારી જાતને ચકાસી જૂઓ !

## ચાલો, આપણે સુખની દુકાન શોધીએ.

નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપી, સુખની દુકાન ક્યાં આવેલી છે એ શોધી કાઢો. નકશામાં દર્શાવ્યા મુજબ, ૪ આડા રસ્તાઓ છે જેમના નામ છે, આનંદ રૂટ, પ્રસન્ન વે, સુખ માર્ગ અને ખુશી રોડ. અને ઊભા રસ્તાઓને ૧, ૨, ૩, ૪ નંબર આપવામાં આવ્યા છે. સુખની દુકાન કોઈ એક આડા અને ઊભા રસ્તાના સાંધા પર છે.

સૂચના : નકશામાં કોઈ પણ ૨ જંકશન વચ્ચેનું અંતર ૧ કી.મી. છે. આનંદ રૂટ અને રોડ. નં. ૧ ના જંકશનનું નામ છે ઉલ્લાસ ચોક જ્યાંથી આપણે આપણી શોધ શરૂ કરીશું.

**૧** એક પાર્ટીમાં બધા મ્યુઝિકલ ચેર રમતા હોય છે. એક ફ્રેન્ડ, જેને પગે ફ્રેકચર થયું છે, તે એક ખૂણામાં ઉદાસ બેસીને બધાને જોઈ રહ્યો છે.

અ) તમે એ ફ્રેન્ડ તરફ ધ્યાન નહીં આપીને, મ્યુઝિકલ ચેરની રમતમાં જોડાઈ અને ગેમની મજા માણશો. (ઉલ્લાસ ચોકથી ૨ કી.મી. પૂર્વ દિશામાં જાઓ)

બ) તમે એ ફ્રેન્ડ પાસે બેસીને એની સાથે વાતચીત કરશો અને એનો ઉત્સાહ વધારવાની કોશિશ કરશો. (ઉલ્લાસ ચોકથી ૧ કી.મી. પૂર્વ દિશામાં જાઓ)

ક) મ્યુઝિકલ ચેરની રમત બંધ કરાવી તમે ખો-ખોની રમત ચાલુ કરાવશો. (ઉલ્લાસ ચોકથી ૩ કી.મી. પૂર્વ દિશામાં જાઓ)

**૨** ટી.વી. પર તમારો મનપસંદ શો ચાલુ થવાનો છે. એ જ વખતે તમારો નાનકડો પાડોશી, ગણિતના દાખલા શીખવા તમારી પાસે આવે છે.

અ) તમે પ્રેમથી એને દાખલા શીખવાડો છો. (જ્યાં છો ત્યાંથી ૨ કી.મી. દક્ષીણ તરફ જાઓ)

બ) મારી પાસે હમણાં સમય નથી એમ કહી એને ભગાડી દો છો. (જ્યાં છો ત્યાંથી ૧ કી.મી. દક્ષીણ તરફ જાઓ)

ક) તમે એને પણ તમારી સાથે ટી.વી. શો જોવા બેસાડી દો છો. (જ્યાં છો ત્યાંથી ૩ કી.મી. દક્ષીણ તરફ જાઓ)

**૩** બહુ જ ઠંડી છે. તમે એક વુલન શર્ટ અને તમારું મન ગમતું જેકેટ પહેર્યું છે. તમે જોયું કે તમારો કઝીન ઠંડીમાં થરથરી રહ્યો છે.

અ) તમે એને ટકોર કરશો કે, 'સ્વેટર કેમ ના પહેર્યું ? ઠંડી લાગશે ત્યારે ફેશનનું ભૂત તારા માથેથી ઉતરશે.' (જ્યાં છો ત્યાંથી ૧ કી.મી. ઉત્તર તરફ જાઓ)

બ) તમે એને પોતાનું જેકેટ પહેરવા આપશો. (જ્યાં છો ત્યાંથી ૧ કી.મી. પશ્ચિમ તરફ જાઓ)


ક) તમે એની નજરમાં જ નહીં આવવાનો પ્રયત્ન કરશો. (જ્યાં છો ત્યાંથી ૧ કી.મી. દક્ષીણ તરફ જાઓ)

**૪** તમારા ફ્રેન્ડના ઘરે પાર્ટી પૂરી થયા પછી સૌ કોઈ પોત પોતાને ઘેર જઈ રહ્યું છે. તમે જોયું કે તમારા ફ્રેન્ડના મમ્મી ખુબ થાકી ગયાં છે, અને એમને હજી ઘણું કામ બાકી છે.

અ) તમે આંટીને મદદ કરવા રોકાશો. (જ્યાં છો ત્યાંથી ૧ કી.મી. દક્ષીણ તરફ જાઓ)

બ) તમે પણ તમારા ફ્રેન્ડસ સાથે ફટાફટ ઘરે જવા નીકળી જશો. (જ્યાં છો ત્યાંથી ૧ કી.મી. ઉત્તર તરફ જાઓ)


ક) તમે તમારા ફ્રેન્ડને, મમ્મીને મદદ કરવાની સલાહ આપીને નીકળશો. (જ્યાં છો ત્યાંથી ૨ કી.મી. ઉત્તર તરફ જાઓ)




# કિડ્સ કેમ્પ ની ઝલક

મુંબઈ









રાજકોટ









તમારી જાતને ચકાસી જૂઓનો જવાબ.
જવાબ :- ( નકશામાં દોરીને જ બતાવવું.) સુખની દુકાન, ખુશી રોડ અને રોડ નં. ૧ ના સાંધા પર છે.

# ઐતીહાસીક ગૌરવગાથાઓ

વસંતપુર નગરમાં જિનમતિ નામે શેઠ રહેતા હતા. તેમને સુભદ્રા નામે એક પુત્રી હતી. શેઠને તે પુત્રી બહુ વહાલી હતી. પોતાની પુત્રીને, જે ચુસ્તપણે જૈનધર્મ પાળતો હોય એવા યુવક સાથે જ પરણાવવી એવી શેઠની દૃઢ ઈચ્છા હતી.

એક દિવસ ચંપાપુરી નગરીથી વેપાર માટે આવેલા બુદ્ધદાસે સુભદ્રાને જોઈ. તે તેના મનમાં વસી ગઈ. પણ જ્યારે એને જાણવા મળ્યું કે સુભદ્રાના પિતાનો દ્રઢ આગ્રહ છે કે જૈનધર્મી સાથે જ એના લગ્ન કરવા, બુદ્ધદાસ ત્યારે વિચારમાં પડી ગયો. હવે શું કરવું ? પોતે જૈનધર્મી ન હતો.

અંતે એણે કોઈ મુનિ પાસે રહીને થોડા જ સમયમાં જૈન ધર્મમાં કુશળતા મેળવી લીધી. જિનમતિ શેઠને, પોતે પૂરેપૂરો જૈનધર્મી છે એવી ખાત્રી કરાવી. શેઠે સંતોષ પામી સુભદ્રાને બુદ્ધદાસ સાથે પરણાવી.

સુભદ્રા પરણીને સાસરે આવી જ્યારે એને ખબર પડી કે સાસરીયાં ચુસ્ત બૌધ્ધ ધર્મ પાળે છે ત્યારે એને ખૂબ દુઃખ થયું. છતાં બધાંની વચ્ચે મન મજબૂત રાખીને એ જૈન ધર્મનું પાલન કરવા લાગી.

સુભદ્રાની સાસુ ડગલેને પગલે વહુનું વાકું બોલ્યા કરતી. જૈન ધર્મની નિંદા કર્યા કરતી. સુભદ્રા આ બધું શાંતિથી સહી લેતી.

એક દિવસ સુભદ્રાએ એક મુનિ મહારાજને ભોજન માટે વહોરવા નીકળેલા જોયા. એણે મુનિને પોતાના ઘરે વહોરવા આવવા વિનંતી કરી. મુનિરાજ પધાર્યા. મુનિની આંખમાં કણું પડ્યું હતું. તે એમને ખૂબ ખૂંચતું હતું. જો તુરત એ કણું કાઢવામાં ન આવે તો આંખ જાય એમ હતું. પણ સ્ત્રીથી મુનિને અડી કેવી રીતે શકાય ?


સુભદ્રાએ જીભથી મુનિની આંખમાંથી કણું કાઢ્યું. મુનિની આંખ સારી થઈ ગઈ. ઘણી સાવચેતી રાખવા છતાં કણું કાઢતી વખતે સુભદ્રાના કપાળમાં રહેલ કુમકુમના ચાંદલાનો ડાઘ મુનિના કપાળમાં ચોટી ગયો.

મુનિ મોદક વહોરીને બહાર નીકળ્યા. બહાર બેઠેલા સાસુએ મુનિના કપાળ પર લાગેલા ચાંદલાનો ડાઘ જોયો. એને સાધુ અને સુભદ્રાના ચારિત્ર પર શંકા ગઈ. એણે બૂમાબૂમ કરીને બધા માણસોને એકઠા કર્યા અને સાધુ અને વહુ માટે જેમતેમ બોલવા લાગ્યા. સુભદ્રાને પોતાના માટે નહીં પણ સાધુની વગોવણી થવાથી ધર્મ પર આળ (આક્ષેપ) ચડ્યાનું ઘણું દુઃખ થયું. એણે આ આળ ન ઉતરે ત્યાં સુધી આહારનો ત્યાગ કર્યો અને ધ્યાનમાં બેસી ગઈ.

સતી સુભદ્રાની પવિત્રતા શાસનદેવ-દેવીઓથી છૂપી ન હતી. શાસનદેવીએ ચંપાનગરીના ચાર દિશાના ચારે દરવાજા બંધ કરી દીધા. ન કોઈ નગરમાંથી બહાર જઈ શકે કે ન કોઈ અંદર આવી શકે. અને આકાશવાણી કરી કે, જે સતી સ્ત્રી હશે એ ચારણીને કાચા દોરાથી બાંધી કૂવામાંથી પાણી કાઢી, ચારે બારણાંને છાંટશે ત્યારે આ બારણાં ખૂલશે.

ચારણીમાં પાણી ? એ કેવી રીતે ટકે ? લોકોમાં વાતો થવા લાગી. પોતાનું સતીત્વ પારખવા ઘણી સ્ત્રીઓ બારણાં ખોલવા આવી પણ કોઈથી ખૂલ્યાં નહીં. દિવસો વિતવા લાગ્યા. છેવટે સુભદ્રાએ તેની સાસુને પૂછ્યું, "બા, તમારી આજ્ઞા હોય તો હું બારણાં ઉઘાડવા જઉં ?" સાસુએ મેણું મારતાં કહ્યું, " તું કેવી સતી છે તે બધાને ખબર છે." છતાં સુભદ્રાએ ફરી વિનયપૂર્વક પૂછ્યું ત્યારે સાસુએ હા પાડી.

**શાસનદેવીએ ચંપાનગરીના ચાર દિશાના ચારે દરવાજા બંધ કરી દીધા**



જે સતી સ્ત્રી હશે એ ચારણીને કાચા દોરાથી
બાંધી કૂવામાંથી પાણી કાઢી,
ચારે બારણાંને છાંટશે
ત્યારે આ બારણાં ખૂલશે.
સુભદ્રાએ ચારણીને કાચા દોરાથી બાંધીને કૂવામાં નાખી. ચારે બાજુ માનવ મહેરામણ જોવા ભેગુ થયું હતું. અને બધાનાં આશ્ચર્ય વચ્ચે ચારણી પાણીથી ભરાઈને કૂવામાંથી બહાર આવી. સુભદ્રાએ પાણી છાંટીને દ્વાર ઉઘાડ્યાં. ચારેબાજુ સતી સુભદ્રાનો જય જયકાર થયો. રાજા અને નગરજનો જૈન ધર્મની પ્રશંસા કરવા લાગ્યા. એના સાસુએ એની માફી માંગી.
વખત જતાં સતી સુભદ્રાએ દીક્ષા લીધી અને કર્મ ખપાવી મોક્ષે ગયાં.

# મીઠી યાદેં



લંડનના એક બ્રહ્મચારી ભાઈ નીરુમા સાથે રહેવા આવી ગયા હતા. એમને પૈસાના વિચાર બહુ આવતા કે કેવી રીતે વધારે ને વધારે પૈસા મેળવવા. એક વાર એમને ઘરના કામ અંગે બે-ત્રણ મહિના લંડન જવાનું થયું. ત્યાં ગયા પછી એમને બે-ત્રણ મહિના કામ કરી કમાઈ લેવાની ઈચ્છા થઈ. એમણે બીજા બ્રહ્મચારી ભાઈને પોતાની ઈચ્છા જણાવી. થોડા દિવસોમાં નીરુમા ત્યાં પહોંચ્યા. પેલા ભાઈએ નીરુમાને આમની ઈચ્છાની વાત કરી. નીરુમા કશું બોલ્યાં નહીં.

એક દિવસ નીરુમા એ ભાઈ સાથે ગાડીમાં બહાર જઈ રહ્યાં હતાં. ત્યારે એમણે એકદમ ઠંડા કલેજે શાંતિથી પૂછ્યું, "શું તારે પૈસા કમાવવા છે ?" ભાઈએ જવાબ આપ્યો, "એવી ઈચ્છા હતી કે હમણાં બે-ત્રણ મહિના અહીંયાં છું તો કંઈક કામ કરી લઉં. ટાઈમ પણ પાસ થઈ જાય અને થોડી કમાણી પણ થઈ જાય." નીરુમા બોલ્યા, "તારે શું જરૂર છે હજી પૈસા કમાવવાની ? તારી પાસે તો પૂરતા છે. હજી જો તું કમાવામાં પડીશ તો ફરી પાછો સંસારમાં ખોવાઈ જઈશ.

દાદા દર્શનમાં કેટલાય ભાઈઓ એવા છે જેઓ પોતાની પાસે જે કંઈ થોડું ઘણું હતું એ લઈને નીરુમાના આશરે, નીરુમાના ભરોસે બધું છોડીને આવી ગયા છે. એમણે કોઈ વિચાર જ નથી કર્યો. તો પછી તારે આ બધામાં પડવાની શું જરૂર છે ?"

પછી નીરુમા ખૂબ કરુણાથી બોલ્યા, "તું મારા આશરે આવ્યો છું, મને સમર્પણ થયો છું, તો હું તારી જવાબદારી લઉં છું. આપણી પાસે કંઈ નહીં હોય, કોઈ વસ્તુ કે પૈસા નહીં હોય, તો ય હું જાતે રાંધીને તમને જમાડીશ અને પછી હું જમીશ. અને એવું હશે તો આ મારી બંગડીઓ પણ વેચી કાઢીશું. પણ તને હું ભૂખ્યો નહીં જવા દઉં."

આ સાંભળીને પેલા ભાઈનું તો આખું હૃદય પરિવર્તન જ થઈ ગયું કે, ઓહોહો ! નીરુમા મારા માટે આટલું બધું કરવા તૈયાર છે કે પોતે જાતે રાંધીને જમાડશે ? અને જરૂર પડે તો પોતાની બંગડીઓ વેચી કાઢશે પણ મને ભૂખ્યો નહીં જવા દે. એમની આંખમાંથી રીતસરના આંસુ સરવા લાગ્યાં. એમણે તરત જ નીરુમાને પ્રોમિસ આપ્યું કે હવેથી એ પૈસા કમાવાની પાછળ ક્યારેય નહીં પડે.

તે દિવસથી એ ભાઈને પૈસાના વીચાર આવતા જ બંધ થઈ ગયા.

જોયું મિત્રો, જ્ઞાનીની કરુણા અને કૃપા !

પ્રશ્નકર્તા : મને મશ્કરી કરવાની બહુ આદત છે. અને હવે મારા ફ્રેન્ડસ મારી સાથે વાતો કરતા નથી, તો હવે હું શું કરું ?

પૂજ્યશ્રી : મશ્કરી એવી કરવી જોઈએ કે કોઈને દુઃખ ના થાય. કોઈનો અહમ્ ના દુભાય. તે આપણે એવો ટકોરો કરી દઈએને કે એનો અહમ્ દુભાય જાય. પછી એ આપણી સાથે બોલવાનું બંધ કરી દે. નિર્દોષ ગમ્મત હોવી જોઈએ. નિર્દોષ મશ્કરી હોવી જોઈએ. એટલે હવે તું પ્રતિક્રમણ કરજે. યાદ કરીને કે આ બહેનપણી જોડે મશ્કરી કરી'તી, આની જોડે આવી મશ્કરી કરી'તી, આની જોડે આવી મશ્કરી કરી'તી. એક-એક મશ્કરીને યાદ કરીને માફી માંગજે. અને ધીમેથી નક્કી કર કે મારાથી કોઈને દુઃખ થાય એવી મશ્કરી નથી કરવી. કારણ કે આપણી બુદ્ધિ વધારે હોય અને પછી આપણે મશ્કરી કરીએ તો બીજાને દુઃખ થઈ જાય. તું નક્કી કરજે ને કે મારે કોઈને દુઃખ આપવું નથી એટલે ફરક પડશે. અને જેને અપાઈ ગયું હોય એના પ્રતિક્રમણ કરજે. પછી કોઈક દા'ડો, બર્થ ડે કે એવું હોય તે દા'ડે બધી બહેનપણીને પ્રેમથી બોલાવવાની અને બધાની માફી માંગી લેવાની અને કહેવાનું કે હવેથી આપણે બધા પ્રેમથી સાથે રહીશું.



# પૂજ્યશ્રી સાથે બાળકો









ભારતના જ નહીં, વિદેશના બાળકો પણ પૂજ્યશ્રી પ્રત્યે અદ્ભૂત આકર્ષણ અનુભવે છે. તો આવો જોઈએ યુ.કે. અને જર્મનીના બાળકો સાથે પૂજ્યશ્રી...



Akram Express

June 2012
Year : 4, Issue : 10
Conti. Issue No.: 46




RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2012
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month













## બાળકો માટેના હિન્દી સાહિત્યનું પૂજ્યશ્રીના હસ્તે વિમોચન



મન્થલી મેગેઝિન
અક્રમ એક્સપ્રેસ

‘ભગવાન કહાં રહતે હૈ ?’
બુક



**અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના**

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) ‘સંપાદકીય’ પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College, Usmanpura, Ahmedabad-14.